# અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)

## (તા:૧૨.૨.૨૦૨૪)

## માન.કૃષિ મંત્રીશ્રીનું પ્રવચન

**જયશ્રી રામ.., જય જય શ્રીરામ....**

મર્યાદા પુરૂષોતમ ભગવાન કરોડો ભારતીયોના આરાધ્યા દેવ અને સાંસ્કૃતિક ઐક્યના પ્રતિક છે, અમારી ગુજરાત સરકાર માટે સુશાન એટલે રામ રાજ્ય,

**માન. અદ્યક્ષશ્રી,**

અમારા માટે **ભારતના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજી**એ આપેલા માર્ગદર્શન મુજબ અને શાસનના સ્થાપિત કરેલા ધોરણો મુજબ અમારી ગુજરાત સરકાર કામ કરી રહી છે. અમારી સરકાર નરેન્દ્રભાઈ મોદીએ આપેલા **'ન્યુનત્તમ સરકાર અને મહત્તમ સુશાસનના'** સૂત્ર ઉપર ચાલી રહી છે.

અમારી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વવાળી સરકાર **નમો લક્ષ્મી, નમોશ્રી** અને **નમો સરસ્વતી** યોજનાના માધ્યમથી રામ રાજ્યની પરિકલ્પનાને સાકાર કરવા માટે કૃતનિશ્ચય છે.

**વિકસિત ભારત ૨૦૪૭ના વિઝન ડોક્યુમેન્ટ**

ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલની સરકારે વિકસિત **ગુજરાત ૨૦૪૭નું વિઝન ડોક્યુમેન્ટ** સમગ્ર ભારતમાં સૌથી પ્રથમ તૈયાર કરી તેને સમગ્ર ભારત સમક્ષ મુક્યું છે, તે માટે ગુજરાતના **મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલને હું ખૂબ ખૂબ અભિનંદન** પાઠવું છુ.

**વિકસિત ગુજરાતની ૨૦૪૭ ની સંકલ્પના સાકાર થાય તેવું બજેટ રજૂ થયેલ છે.**

સૌનો સાથ, સૌનો વિકાસ એ કોઈ માત્ર સુત્ર નથી, પરંતુ **ભારતના લોકપ્રિય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીની ગેરંટી છે** અને તેમણે સેવેલા તમામ સ્વપ્નોને સાકાર કરવા માટે તનતોડ મહેનત કરવાની અમારી ભુપેન્દ્રભાઇ પટેલની સરકારની **ગેરંટી છે.** મોદી ૩.૦ વિકસિત ભારતના પાયાને મજબૂત કરવા માટે પોતાની પૂરી શક્તિથી કામ કરશે, તેની **મોદીની ગેરંટી છે.**

**શ્રી નરેન્દ્રભાઇ મોદીનું સ્વપ્ન ૨૦૪૭ સુધીમાં ભારત વિકસિત રાષ્ટ્ર બને** તે માટે '**નમો લક્ષ્મી, નમોશ્રી, નમો સરસ્વતી**' જેવી યોજનાઓની ભેટ આપવા બદલ ગુજરાતના **નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇને** હું ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

**માન. અધ્યક્ષશ્રી,**

આજે હું, કૃષિ, પશુપાલન, ગૌસવર્ધન, મત્સ્યોદ્યોગ, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સામાજિક ન્યાય અને અધિકારિતા, આદિજાતી વિકાસ, શ્રમ અને રોજગાર, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, મહિલા અને બાળ વિકાસ, બંદરો અને મહેસુલ વિભાગ ઉપર બોલવા જઈ રહ્યો છું ત્યારે મને આનંદ છે કે, આ બજેટના માધ્યમથી વંચિતોની સેવા, મહિલાઓના સશક્તિકરણ, યુવાનોને તક અને ખેડૂતની બમણી આવક કરવાનો અમારો સંનિષ્ઠ પ્રયાસ છે.

**માન.અધ્યક્ષશ્રી,**

## આદિજાતિ વિકાસ:

- માન. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળની અમારી સરકાર ગામડાઓના વિકાસની સાથે સાથે આદિજાતિ વિસ્તારોના સામાજિક અને આર્થિક વિકાસ માટે કટીબદ્ધ છે. આદિજાતિ વિસ્તારોમાં આંતરમાળખાકીય સુવિધાઓ પુરી પાડવા સાથે શૈક્ષણિક અને આરોગ્ય વિષયક સેવાઓ માટે આ બજેટમાં **રૂા.૪૩૭૪ કરોડ જેટલી માતબર રકમની જોગવાઇ કરવામાં** આવી છે.
- સરકારી અને ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયના ૭૦ હજાર વિદ્યાર્થીઓને સહાય આપવા **રૂ.૨૬૯ કરોડ**ની જોગવાઈ તથા ટેલેન્ટ પુલ યોજના અંતર્ગત તેજસ્વી વિદ્યાર્થીઓને સહાય આપવા **રૂ.૧૪ કરોડ**ની જોગવાઈ કરવામાં આવેલ છે.
- સરકારી છાત્રાલયો તેમજ આદર્શ નિવાસી શાળાના બાંધકામ માટે **રૂ.૨૫૫ કરોડ**ની જોગવાઇ કરવામાં આવેલ છે.
- દૂધ સંજીવની યોજના અંતર્ગત **રૂ.૧૫૦ કરોડની** જોગવાઇ કરવામાં આવેલ છે.
- ધો. ૧ થી ૮ માં અભ્યાસ કરતાં અંદાજે ૧૩ લાખ ૫૦ હજાર વિદ્યાર્થીઓને ગણવેશ સહાય માટે **રૂ.૧૨૦ કરોડની** જોગવાઈ કરવામાં આવેલ છે.

- ધો.૯ માં અભ્યાસ કરતી અંદાજે ૩૯ હજાર વિદ્યાર્થીનીઓને વિદ્યાસાધના યોજના હેઠળ સાયકલ આપવા **રૂ.૨૧ કરોડની** જોગવાઈ કરવામાં આવેલ છે.
- રાજપીપળા મુકામે બિરસા મુંડા આદિજાતિ યુનિવર્સિટી માટે **રૂ.૬ કરોડની** જોગવાઈ કરવામાં આવેલ છે.

## આર્થિક ઉત્કર્ષ

- મુખ્યમંત્રી આદિમજુથ/હળપતિ સર્વાંગી ઉત્કર્ષ યોજના અને કન્વર્ઝન કમ ડેવલપમેન્ટ(CCD) પ્રોજેક્ટ હેઠળ **રૂ.૧૩૪ કરોડ**ની જોગવાઈ કરવામાં આવેલ છે.
- કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ ખેડૂતોને સહાય માટે **રૂ.૩૫ કરોડ**ની જોગવાઈ તથા આદિજાતિ વિસ્તારોમાં બાંધકામ, કૃષિ ક્ષેત્રે જરૂરી સાધનો માટે બેન્ક લોન પર સહાય આપવા માટે **રૂ.૬ કરોડ**ની જોગવાઈ કરવામાં આવેલ છે.
- આદિજાતિ જિલ્લાઓમાં કાર્યરત ૫૦૦૦ થી વધુ દૂધ મંડળીઓને સોલાર રૂફટોપની સ્થાપના માટે સબસીડી આપવા માટે **રૂ.૨૬ કરોડ**ની જોગવાઈ કરવામાં આવેલ છે.
- માનવ ગરિમા યોજના હેઠળ સ્વરોજગારી માટે કિટ આપવા **રૂ.૧૭ કરોડ**ની જોગવાઈ કરવામાં આવેલ છે.

- આદિજાતિ વિસ્તારોમાં સ્પેશ્યાલિટી હોસ્પિટલ અને નર્સીંગ હોમ/ડિસપેન્સરી શરૂ કરવા માટે ડોકટરોને હોસ્પિટલ ખર્ચમાં સબસીડી આપવા માટે **૩.૧૩ કરોડ**ની જોગવાઇ તથા અનુસૂચિત જનજાતિના લોકોને નિ:શુલ્ક તબીબી સહાય યોજના અંતર્ગત ક્ષય, રક્તપિત્ત, કેન્સર, સિકલસેલ એનિમિયા, થેલેસેમિયા, એઇડ્સ જેવા ગંભીર રોગોની સારવાર માટે હાલ આપવામાં આવતી સહાયમાં વધારો કરવામાં આવશે. આ યોજના માટે **૩.૩૩ કરોડ**ની જોગવાઇ કરવામાં આવેલ છે.

- સંકલિત ડેરી વિકાસ યોજના(IDDP) હેઠળ દૂધાળા પશુઓની યુનિટ કોસ્ટ અને સહાયની મર્યાદામાં વધારો કરવામાં આવશે. આ યોજના માટે **૩.૧૩ કરોડ**ની જોગવાઇ કરવામાં આવેલ છે.

- આદિજાતિ વિસ્તારોના સર્વાંગી વિકાસ માટે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ શરૂ કરવામાં આવેલ વનબંધુ કલ્યાણ યોજના હેઠળ આ વિસ્તારમાં વર્ષ ૨૦૨૧-૨૨ થી ૨૦૨૫-૨૬ સુધીમાં માળખાકીય સગવડો તેમજ સામુદાયિક અને વ્યકિતગત વિકાસના કામો માટે **૩.૧ લાખ કરોડનો** ખર્ચ કરવાનું સરકારે નક્કી કર્યું હતું, જે દિશામાં સરકાર આયોજનબદ્ધ રીતે આગળ વધી રહી છે. **ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ આદિજાતિ વિસ્તારોમાં સ્થાનિક ધોરણે હાથ ધરવામાં આવતા કામો માટેની જોગવાઈમાં ૧૦૦% વધારો કરવામાં આવેલ છે.**

**માન. અધ્યક્ષશ્રી,**

**કૃષિ:**

- ભારતના સર્વાંગી વિકાસ સાથે વૈશ્વિક મંચ પર ભારત માતાને ગૌરવ અપાવવાનું ભગીરથ કાર્ય ગુજરાતના પનોતા પુત્ર અને વિશ્વના સર્વાધિક લોકપ્રિય નેતા માન.વડાપ્રધાનશ્રીએ કર્યું છે. એજ ગૌરવગાથાને મક્કમતા સાથે વિશ્વ સમક્ષ રજુ કરતાં માન.વડાપ્રધાનશ્રીએ વિકસીત ભારત ૨૦૪૭ની દ્રઢ સંકલ્પના રજુ કરી છે. જેને સાકાર કરવા ગુજરાતની ભૂમિકાને મક્કમતાથી આગળ ધપાવતુ માન. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલની સરકારનુ ગતીશીલ, ગ્રીન, ગ્લોબલ, ગુણવંતા ગુજરાતનું નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ નું બજેટ માન.નાણાં મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ રજુ કરેલ છે. જે માટે હું તેમને ખુબ ખુબ અભિનંદન પાઠવું છું.
- ગત નાણાકીય વર્ષની સરખામણીએ **આ વર્ષે ૧૦ ટકાનો વધારો** કરી **૩ લાખ ૩૨ હજાર કરોડનું ઐતિહાસિક માતબર બજેટ જનતાની સેવામાં રજુ કરવામાં આવ્યું** છે. જેમાં **રૂ.૨૨,૧૯૪ કરોડનું માતબર બજેટ કૃષિ, પશુપાલન અને સંલગ્ન ક્ષેત્રો માટે ખેડૂતોની સેવામાં** આપ્યું છે. તે બદલ હું રાજયના માન.મુખ્યમંત્રીશ્રી તેમજ નાણાંમંત્રીશ્રીનો ખુબ ખુબ આભાર વ્યક્ત કરૂં છું.

**માનનીય અધ્યક્ષશ્રી,**

- રાજ્યના આ બજેટમાં આપણી ભાવિ પેઢી પોષણક્ષમ હોય, સ્વસ્થ અને સુપોષિત હોય તે માટે કૃષિના મહત્વના બે વિષયો જેવા કે રસાયણ મુક્ત ખેતી એટલે કે પ્રાકૃતિક ખેતી તથા મીલેટના વાવેતર અને મૂલ્યવર્ધનને પ્રોત્સાહિત કરવા માટે જોગવાઈ સૂચવેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

## પ્રાકૃતિક કૃષિ

- રાજ્યમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધે તેમજ રાજ્યના તમામ ખેડુતો સુધી આ પધ્ધતિ પહોંચે તે માટે રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં નવ લાખથી વધારે ખેડુતોને પ્રાકૃતિક પધ્ધતિ સાથે જોડવામાં આવેલ છે. ૭.૫૬ લાખ એકરથી વધુ જમીનમાં ખેડુતો પ્રાકૃતિક કૃષિ કરતા થયેલ છે.
- રાજ્યમાં પ્રાકૃતિક કૃષિનો ખ્યાલ દરેક વ્યક્તિ સુધી પહોંચે તે માટે અત્યાર સુધીમાં ૨૫ લાખથી વધુ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિની તાલીમ આપવામાં આવી છે.
- પ્રાકૃતિક પધ્ધતિની ઝુંબેશને વધુ તેજ અને અસરકારક બનાવવા માટે ગુજરાત પ્રાકૃતિક કૃષિ અમલીકરણ એકમ (Gujarat Natural Farming Implementation Cell)ની રચના કરી રાજ્યમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવા માટે રાજ્યથી ગ્રામ્ય કક્ષા સુધીની સમગ્ર વ્યવસ્થા સુદ્રઢ કરવાની ગૌશાળા, પાંજરાપોળ, સહકારી સંસ્થા, ખેડુત જુથ, સખી મંડળ વિગેરે દ્વારા જીવામૃત અને ઘનજીવામૃત બનાવી ખેડૂતોમાં વિતરણ કરવા જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સહાય આપવાના હેતુસર નવી બાબત માટે જોગવાઈ સૂચવવામાં આવેલ છે.

## મિલેટસના વાવેતરને પ્રોત્સાહન આપવાની યોજના:

- આપણે વર્ષ–૨૦૨૩ની આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ તરીકે ઉજવણી કરી લોકોમાં મિલેટ અંગે જાગૃતિ અને સભાન્તા કેળવી. આપણો દેશ એ સૌથી વધુ મિલેટ પાકોનું ઉત્પાદન અને વપરાશ કરતો દેશ છે.

- ભારત દેશમાં મિલેટ પાકો તરીકે જુવાર, બાજરા, રાગી, વરી, કાંગ, વગેરે જેવા પાકોનું વાવેતર થાય છે.
- રાજ્ય સરકારશ્રી દ્વારા ગુજરાત રાજયના ખેડુતોને મીલેટ્સના વાવેતર વિસ્તાર વધારવા પ્રેરણા મળે અને મૂલ્ય વર્ધન કરી પોતાની આવકમા વધારો કરે તે હેતુથી પ્રોત્સાહન અને પ્રચાર પ્રસાર માટે આ બજેટમાં જોગવાઈ સૂચવવામાં આવેલ છે.
- **મને એ કહેતા આનંદની લાગણી થાય છે કે**, જમીન અને પર્યાવરણ સ્વાસ્થ્ય જળવાય, ખેતી ખર્ચ ઘટે અને ખેડૂતોની આવકમાં વધારો થાય તે અભિગમ સાથે આગામી વર્ષ ૨૦૨૪–૨૫ માટે સીડ રીપ્લેસમેન્ટ રેટ (SRR)માં વધારો કરવા માટેની તેમજ અને નેનો યુરિયા અને લીક્વિડ ફર્મેન્ટેડ ઓર્ગેનિક મેન્યોરના ઉપયોગને ખેડુતોને પ્રોત્સાહન મળે તે અંગેની નવી બાબતો માટે આ બજેટમાં જોગવાઇઓ સૂચવામાં આવેલ છે.

**માન.અદયક્ષશ્રી**,

**બાગાયત:–**

બાગાયતી ખેતી તેની આગવી વિષેશતાઓને કારણે દેશના ટકાઉ વિકાસ માટેના લક્ષ્યાંકોમાં અને ૫ ટ્રિલિયન અર્થતંત્રના નિર્માણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવાની ક્ષમતા ધરાવે છે.

રાજ્યમાં બાગાયતી પાકોના નવા વાવેતર, રક્ષીત ખેતી, સંકલિત જીવાત વ્યવસ્થાપન, મધમાખી ઉછેર, બાગાયતી યાંત્રિકીકરણ, પાક

સંરક્ષણ સાધનો, કાપણી પછીનું સંકલિત વ્યવસ્થાપન જેવા તમામ ઘટકોને સાંકળી લઈ બાગાયત ક્ષેત્ર માટે કુલ **રૂ.૬૩૪.૭૮ કરોડ**ની જોગવાઈ સુચવવામાં આવેલ છે.

- બાગાયતી ખેત પેદાશો નાશવંત હોઈ તેનું **'મુલ્યવર્ધન'** અને **'સંગ્રહ ક્ષમતા'** વધારવી આવશ્યક છે. જે માટે હયાત માળખાકીય સુવિધાઓમાં વધારો કરવાથી બાગાયતી પાકોનો બગાડ અટકશે અને વર્ષ દરમિયાન ફળ શાકભાજી પાકો પ્રજાજનોને ઉપલબ્ધ થશે તે માટે **રૂ. ૬૫ કરોડ**ની સુચિત જોગવાઈ.
- મસાલા પાકોના સર્ટીફાઇડ બિયારણ, પપૈયા પાકમાં ફળપાક ઉત્પાદકતા વધારવા અને ફળપાકોના જુના બગીચાઓને નવસર્જન માટે કુલ **રૂ. ૧૮ કરોડ** સુચિત જોગવાઈ કરવામાં આવી છે.
- બાગાયતી ખેતીની નવિનતમ પદ્ધતીઓને પ્રોત્સાહિત કરવા ૫ (પાંચ) નવા સેન્ટર ઓફ એકસેલન્સ શરૂ કરવા માટે **રૂ. ૧૫ કરોડ** જોગવાઈ સુચિત છે.
- "બાગાયત ખાતાના રોપ ઉછેર કેંદ્રોની ઉત્પાદન ક્ષમતા વધારવા અંગેના કાર્યક્રમ" હેઠળ **રૂ. ૧૫.૪૯ કરોડ**નું સુચન.
- "આદિજાતી વિસ્તારના મધમાખી પાલકોને રોજગારી પુરી પાડવા તેમજ મધમાખી ઉછેરને પ્રોત્સાહન આપવા વિનામુલ્યે મધમાખીની હાઈવ્સ તથા કોલોની પુરી પાડવાની યોજના" હેઠળ **રૂ. ૫.૮૩ કરોડ**નું સુચન થયેલ છે.
- રાજયના શાકભાજી પાકોની ખેતી કરતા ખેડૂતો પ્રાકૃતિક કૃષિને અપનાવી નહિવત ખર્ચે રાસાયણિક તત્વોથી મુક્ત શાકભાજીનું ઉત્પાદન કરી સારી આવક મેળવે તેમજ પ્રજાજનોના સ્વાસ્થ્ય સુખાકારી માટે **"શાકભાજી**

**પાકોમાં પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવાની યોજના"** હેઠળ નવી બાબત સુચવવામાં આવેલ છે.

## પશુપાલન અને ડેરી ક્ષેત્ર:-

- પશુઓના દૂધ ઉત્પાદન પર અસર કરતા અગત્યના રોગોની સંપૂર્ણપણે નાબૂદી અને દેશના તમામ પશુધન માલિકો માટે સારી આજીવિકાની તકો સુનિશ્ચિત કરવાના નિર્ધાર સાથે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર સતત કાર્ય કરી રહી છે.
- કોઈપણ પશુપાલકનું પશુ સારવાર વિહોણું ન રહે તેવા ઉમદા આશયથી **વર્ષ ૨૦૧૪-૧૫ થી** શરુ કરવામાં આવેલ **"મુખ્યમંત્રી નિઃશુલ્ક પશુસારવાર યોજના"** હેઠળ રાજ્ય સરકારની તમામ સંસ્થાઓ ખાતે વિનામુલ્યે પશુ સારવાર પુરી પાડવા **વર્ષ ૨૦૨૪-૨૫ ના અંદાજપત્રમાં** આ યોજના માટે **રૂ. ૪૩.૮૪ કરોડ**ની જોગવાઈ સુચવેલ છે.
- રાજ્યમાં પશુ ચિકિત્સાલક્ષી સેવાઓના વ્યાપ માટે **કુલ ૮૩૭ ફરતાં પશુ દવાખાનાની સેવાઓ** માટે રાજ્ય અને કેન્દ્ર સરકારની યોજનાઓ હેઠળ **રૂ. ૧૦૧ કરોડ**ની જોગવાઈ આ અંદાજપત્રમાં સૂચવાયેલ છે.
- આકસ્મિક પશુ સારવાર તેમજ માલિક વિહોણા અબોલ પશુઓની સારવાર માટે **૩૭ "કરુણા એનીમલ એમ્બ્યુલન્સ – ૧૯૬૨"** ની સેવાઓ ચાલુ રાખવા આ અંદાજપત્રમાં **રૂ. ૯ કરોડ** જોગવાઈ સુચવી છે.
- પશુપાલન વ્યવસાય થકી ગ્રામ્ય રોજગારીનું નિર્માણ થાય તે માટે **૧૨ દુધાળા પશુના ફાર્મ**ની સ્થાપના માટે **રૂ. ૫૦.૨૫ કરોડ**ની જોગવાઈ; ૧ થી ૨૦ દુધાળા પશુનાં એકમની સ્થાપના પર વ્યાજ સહાય માટે

**રૂ. ૯.૨૦ કરોડની જોગવાઈ** અને ૫૦ દુધાળા પશુઓના એકમની સ્થાપના માટે **રૂ. ૩ કરોડ**ની જોગવાઈ મળી કુલ **રૂ. ૬૨.૪૫** કરોડની જોગવાઈ વર્ષ ૨૦૨૪–૨૫ ના અંદાજપત્રમાં સૂચવવામાં આવી છે.

- રાજ્યના પશુપાલકો ઉત્તમ પશુઓ રાખવા પ્રેરિત થાય તથા પશુપાલન વ્યવસાયમાં વૈજ્ઞાનિક અભિગમ અપનાવે તે માટે પશુપાલન શિબિરો, પશુ પ્રદર્શન હરીફાઈ, રાજ્યવ્યાપી દૂધ ઉત્પાદન હરીફાઇ, અશ્વ શો, શ્રેષ્ઠ પશુપાલકોને પુરસ્કારથી નવાજવા જેવા અનેકવિધ કાર્યક્રમો માટે આ અંદાજપત્રમાં જોગવાઇ કરવામાં આવી છે.
- ગૌવંશના નિભાવ અને જીવદયા માટે માન. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની આ રાજ્ય સરકારે બિન–સરકારી અને સેવાભાવી સંસ્થાઓના યોગદાનની નોંધ લીધી છે ગૌસેવા, ગૌપાલન અને ગૌરક્ષા માટે ચિંતા સેવી **"મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના"** અમલમાં મૂકી છે, જેના માટે વર્ષ ૨૦૨૪–૨૫ માટે **રૂ. ૪૨૫ કરોડની જોગવાઈ** પણ સુચવેલ છે.
- પશુમૃત્યુના સંજોગોમાં વીમાની રકમમાંથી પશુપાલક નવું પશુ ખરીદી પશુપાલન વ્યવસાય ચાલુ રાખી શકે તેવા શુભ આશયથી કેન્દ્ર પુરસ્કૃત નેશનલ લાઈવસ્ટોક મિશન યોજના હેઠળની પશુધન વીમા યોજનાના લાભાર્થીઓને રાજ્ય સરકારની વધારાની સહાય માટે વર્ષ ૨૦૨૪–૨૫ ના અંદાજપત્રમાં **રૂ. ૨૩ કરોડ**ની જોગવાઈ સુચવી છે.
- પ્રોજેની ટેસ્ટીંગ પ્રોજેક્ટ અંતર્ગત કૃત્રિમ બીજદાનથી જન્મેલ ઉચ્ચ ગુણવત્તા ધરાવતાં માદા પશુના વૈજ્ઞાનિક ઢબે બે વર્ષ સુધીના ઉછેર માટે રાજ્યના જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘો મારફતે

**પાડી–વાછરડી ઉછેર યોજના** અમલમાં મુકવા માટે અંદાજપત્રમાં **રૂ. ૧૧ કરોડ**ની જોગવાઈ સુચવવામાં આવી છે.

- આકસ્મીક મૃત્યુ/કાયમી અંપગતાના કિસ્સામાં જમીનવિહોણા પશુપાલકોને જૂથ વીમા યોજના થકી વીમા રક્ષણ હેઠળ આવરી લેવા માટે પણ રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૪–૨૫ ના અંદાજપત્રમાં આયોજન કર્યું છે. ખેતીવાડી ખાતાની ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજનામાં લાભથી વંચિત રહી જતા જમીનવિહોણા પશુપાલકો માટે પશુપાલક અકસ્માત વીમા યોજના માટે **રૂ.૧૦ કરોડ**ની જોગવાઈ વર્ષ ૨૦૨૪–૨૫ ના અંદાજપત્રમાં સૂચવવામાં આવેલ છે.
- સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારના ડેરી સંઘોને રાજ્યના અન્ય વિકસિત ડેરી સંઘોની હરોળમાં લાવવાના હેતુસર વર્ષ ૨૦૨૪–૨૫ ના અંદાજપત્રમાં **રૂ.૧૦ કરોડ**ની જોગવાઈ સૂચવવામાં આવી છે.
- કામધેનુ યુનિવર્સીટી હેઠળ પશુ ચિકિત્સા, પશુપાલન અને ડેરી વિજ્ઞાન ક્ષેત્રે શિક્ષણ, સંશોધન અને વિસ્તરણલક્ષી કામગીરી સંબંધિત વિવિધ યોજનાઓ માટે **કુલ રૂ.૩૧૨ કરોડ** જેટલી માતબર રકમ વર્ષ ૨૦૨૪–૨૫ ના અંદાજપત્રમાં સમાવિષ્ટ છે.

**માન. અધ્યક્ષશ્રી**

**ગ્રામ વિકાસ:**

- ગ્રામીણ વિસ્તારમાં વસવાટ કરતા લોકોની જીવનની ગુણવત્તા સુધારવા માટે ગ્રામ્ય કક્ષાએ સફાઇ, પાણી, આવાસ જેવી મૂળભુત સુવિધાઓ આપવાની સાથોસાથ ગ્રામ્ય સંસાધનોના યોગ્ય સંચાલન અને માવજત માટે જરૂરી વ્યવસ્થા ઉભી કરવા માટે આ બજેટમાં

પુરતી વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત સ્ત્રીસશક્તિકરણ અંતર્ગત મહિલાઓ આત્મનિર્ભર બની શકે તે માટેનું આયોજન પણ નાણાંમંત્રીશ્રીના બજેટમાં હાથ ધરવામાં આવ્યું છે.

- ગ્રામિણ જીવનને વધુ સુવિધાયુક્ત બનાવવા માટે વર્ષ ૨૦૨૪–૨૫ ના અંદાજપત્રમાં કુલ **રૂ. ૩૦૯૨.૫૮ કરોડ** જેટલી માતબર રકમની જોગવાઈ સુચવવામાં આવેલ છે. જેમાં
- પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત રકમ **રૂ. ૭૫૦.૮૩ કરોડ**ની બજેટ જોગવાઈ.
- સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) અંતર્ગત રકમ **રૂ**. ૨૭૭.૩૪ કરોડની બજેટ જોગવાઈ.
- મહાત્મા ગાંધી–નરેગા અંતર્ગત વર્ષ ૨૦૨૪–૨૫ દરમિયાન કુલ ૫૮૦ લાખ માનવદિન રોજગારી પૂરી પાડવાનો લક્ષ્યાંક છે અને તે માટે **રૂ.૧૩૦૯.૩૫ કરોડ**ની બજેટ જોગવાઈ.
- રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન હેઠળ માટે **રૂ. ૨૬૧.૬૯ કરોડ**ની જોગવાઈ .
- પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના–વોટરશેડ ડેવલપમેન્ટ કમ્પોનન્ટ ૨.૦ વર્ષ–૨૦૨૪–૨૫ માટે કુલ **રૂ. ૨૫૪.૭૫ કરોડ**ની જોગવાઇ સુચવવામાં આવેલ છે.

## નવી બાબત વર્ષ ૨૦૨૪–૨૫

- વન્ય વિસ્તારમાં વસતા આદિમ જૂથના અતિ ગરીબ આદીવાસી લોકોને સામાન્ય પ્રવાહમાં ભેળવવા અને જીવન સ્તર ઉંચુ લાવવા **પ્રધાન મંત્રી જનજાતી આદીવાસી ન્યાય મહાઅભિયાન મિશન અન્વયે ઘરનું ઘર આપવા રૂ. ૧૬૪ કરોડની જોગવાઇ,**

- રાજયના મહત્વાકાંક્ષી તાલુકાઓ અને જિલ્લાઓમાં અંત્યોદય પરિવારોની **૫૦,૦૦૦ મહિલાઓ**ને તાલીમ અને નાણાંકીય મદદ આપી ક્ષમતા વર્ધન કરીને **"સશક્ત અને આત્મનિર્ભર"** બનાવી લખપતિ બનવા તેઓ સમર્થ બને તે માટે **રૂ.૧૦૦ કરોડ**ની જોગવાઈ,
- ઉદ્યોગોને અપાતા વેન્ચર કેપિટલના ધોરણે ગ્રામ્ય વિસ્તારના સામાજિક સાહસોને પ્રોત્સાહન આપવા માટે "**ગુજરાત સોશિયલ એંટરપ્રાઈઝ ફંડ"ની રચના** કરવા વર્ષ ૨૦૨૪-૨૫ માં **રૂ.૧૦ કરોડ**ની જોગવાઈ,
- સ્વસહાય જુથોની આર્થિક પ્રવૃતિઓ થી થતી આવકમાં વધારો થાય તે માટે તંદુરસ્ત હરીફાઈને પ્રોત્સાહન આપવાના આશય સાથે **Performance Linked Incentive યોજના** માટે કુલ **રૂ. ૫ કરોડ**ની જોગવાઈ,
- **જિલ્લા/તાલુકા તથા ગ્રામ્ય કક્ષાએ સ્વચ્છતા એવોર્ડ** આપવા માટે કુલ **રૂ. ૭૧.૮૦ કરોડ**ની જોગવાઈ
- નિર્મળ ગુજરાત ૨.૦ અંતર્ગત સામાજીક અને વર્તણુકીય પરિવર્તન સંચાર તથા ગામડાઓ સ્વચ્છ રહે તે માટે કુલ **રૂ. ૩૮.૪૨ કરોડની જોગવાઈ**
- **સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) ફેઝ-૨** અંતર્ગત ગ્રામીણ વિસ્તારના લોકોને ગોબરધન પ્રોજેક્ટ હેઠળ વ્યક્તિગત સહાય આપવા માટે કુલ **રૂ. ૨૫.૫૦ કરોડ**ની જોગવાઈ

## શ્રમ અને રોજગાર :

- માન.અધ્યક્ષશ્રી, માન.વડાપ્રધાનશ્રી હંમેશ યુવાધનને કૌશલ્યબધ્ધ બનાવવાના હિમાયતી રહ્યાં છે. આજે **'મેક ઇન ઇન્ડીયા'** નો મુદ્રાલેખ વિકસીત ભારતના સ્વપ્નને સાકાર કરવાની દિશામાં પાયાનો પથ્થર સાબીત થઇ રહ્યો છે. એજ દિશામાં મક્કમ ડગલાં સાથે આગળ વધવાં ગુજરાત સરકારે શ્રમ, કૌશલ્ય અને રોજગારના ત્રિવેણી સંગમને કેન્દ્રીત કરીને **રૂા.૨૬૫૯ કરોડ**ની જોગવાઇ બજેટમાં સુચવી છે.

**માન.અધ્યક્ષશ્રી,**

- ઔદ્યોગિક વિકાસ માટે કૌશલ્યયુક્ત યુવાધન અનિવાર્ય જરૂરીયાત છે. ભવિષ્યલક્ષી ઉદ્યોગો માટે અદ્યતન ટેકનોલોજીથી તાલીમબધ્ધ યુવાનો મળી રહે અને દેશ–વિદેશમાં રોજગારીની નવી તકોનો લાભ તેમને મળે તે માટે ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓના બાંધકામ, સુદ્રઢીકરણ અને અપગ્રેડેશન તેમજ મુખ્યમંત્રી એપ્રેન્ટીસ યોજના વગેરે જેવી યોજનાઓ માટે **રૂા.૧૪૦૫.૮૩ કરોડ**ની જોગવાઇ સુચવવામાં આવી છે.
- શ્રમિકોને **રૂા.૫ ના** નજીવા દરે સ્વાસ્થપ્રદ ભોજન, બાંધકામ શ્રમિકોને કામના સ્થળ નજીક રહેઠાણની વ્યવસ્થા **'શ્રમિક બસેરા'** તેમજ તેમની પ્રાથમિક સારવાર, શ્રમયોગીઓના અકસ્માત મૃત્યુમાં કુટુંબિજનોને સહાય માટેની વ્યવસ્થા કરીને આ અંદાજપત્રમાં શ્રમિક કલ્યાણને ન્યાય આપવામાં આવ્યો છે.
- નવી ટેકનોલોજી સાથે કદમ મીલાવતાં સાણંદ ખાતે સ્કૂલ ઓફ સેમીકન્ડક્ટરની સ્થાપના તેમજ ઇન્ટરનેશનલ સેન્ટર ઓફ એકસિલન્સ

ઈન સ્કીલ એન્ડ એમ્પ્લોયબીલીટી, ડ્રોન ઇન્સ્ટ્રક્ટર ટ્રેનીંગ સેન્ટરની સ્થાપના માટે જોગવાઈઓ સુચવવામાં આવી છે.

**માન. અધ્યક્ષશ્રી,**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ:**

- માન.અધ્યક્ષશ્રી, ગુજરાતના લોકોના આરોગ્ય અને સુખાકારીમાં વૃધ્ધી હેતુ આરોગ્ય ક્ષેત્રે માળખાકીય સુવિધાઓ સુદ્રઢ કરવા તેમજ રોગો સામે આરોગ્યલક્ષી સારવાર સરળતાથી ઉપલબ્ધ કરાવવા અમારી સરકારે આ બજેટમાં **રૂા.૨૦,૧૦૦ કરોડ** જેટલી અધધ રકમની જોગવાઈ આ બજેટમાં કરી છે.
- પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના સૌથી લોકપ્રિય અને લોકોપયોગી અને અનેક દર્દીઓને આધાર બનેલી યોજના છે. આ યોજના અંતર્ગત એમપેનલ થયેલ **ખાનગી અને સરકારી હોસ્પિટલોમાં ૧૦ લાખ સુધીની કેશલેસ સારવાર** આપવામાં આવે છે તે માટે **અંદાજપત્રમાં રૂા.૩૧૧૬ કરોડની જંગી રકમની જોગવાઇ** સુચવવામાં આવી છે.
- આરોગ્ય વ્યવસ્થાઓને સુદ્રઢ કરવા આરોગ્ય કેન્દ્રના બાંધકામ અને સાધનો માટે **રૂા.૨૩૦૮ કરોડ**ની જોગવાઈ સુચવવામાં આવી છે.

**માન.અધ્યક્ષશ્રી,**

- આપણે સૌ જાણીએ છીએ કે ૧૦૮ એમ્બ્યુલન્સની સેવાઓ રાજ્યના નાગરિકો માટે જીવનદાતા સાબિત થઈ છે. આ સેવાઓને વધુ સુદ્રઢ કરતાં **૩૧૯ નવી એમ્બ્યુલન્સ** માટે **રૂા.૭૬ કરોડની જોગવાઈ** સુચવવામાં આવી છે.

- કામદાર રાજય વીમા યોજના હેઠળ ૧૫ લાખથી વધુ કામદારોના પરિવારોનો આરોગ્યલક્ષી સેવાઓ પુરી પાડવામાં આવે છે જેના માટે **રૂ.૨૨૧ કરોડ**ની જોગવાઇ અંદાજપત્રમાં સુચવવામાં આવી છે.

**માન.અધ્યક્ષશ્રી,**

- આર્યુવેદિક તથા હોમિયોપેથીક સારવાર કરતી આયુષ સેવાઓને પ્રાધાન્ય આપવા રાજય સરકારના અંદાજપત્રમાં **રૂા.૪૮૨ કરોડ**ની જોગવાઇઓ સુચવવામાં આવી છે.

**માન.અધ્યક્ષશ્રી,**

## મહિલા અને બાળ વિકાસ :

- મહિલાઓના આર્થિક ઉત્કર્ષ રાજય સરકારે હંમેશ માટે કટીબધ્ધ છે. તેની સાથે બાળકોના સુપોષણ તેમજ સર્વાંગી વિકાસ માટે રાજય સરકાર સતત પ્રયત્નશીલ છે. મહિલાઓ તેમજ બાળકોના ગરીમાપુર્ણ જીવન માટે સરકારે અનેક યોજનાઓ અમલમાં મુકી છે. જેને પરીપુર્ણ કરવા મહિલા અને બાળ વિકાસ વિભાગ માટે **રૂ.૬૮૮૫ કરોડ**ની જોગવાઇ આ બજેટમાં સુચવવામાં આવી છે.

**માન.અધ્યક્ષશ્રી,**

- ગંગાસ્વરૂપા બહેનોને જીવનનો આધાર પુરો પાડવા આર્થિક મદદ માટે **રૂા.૨૩૬૬ કરોડ**ની મોટી રકમની જોગવાઇ આ બજેટમાં સુચવવામાં આવી છે.

- બાળકોના શારીરિક અને માનસિક વિકાસ માટે તેમને પોષણસક્ષમ આહાર પુરો પાડવો જરૂરી છે. ૩ થી ૬ વર્ષના બાળકોને આંગણવાડીમાં ગરમ નાસ્તો તથા ભોજન અને બાળકો, કિશોરીઓ અને સગર્ભા ધાત્રી માતાઓને ટેકહોમ રાશન પુરૂ પાડવા સરકારે **રૂા.૮૭૮ કરોડ**ની જોગવાઇ સુચવી છે.
- તેવી જ રીતે સગર્ભા અને ધાત્રી માતાઓ માટે ખાદ્યસામગ્રી અને વાહલી દિકરી યોજના અંતર્ગત **રૂા.૫૭૪ કરોડ** જેટલી રકમની જોગવાઇ સુચવવામાં આવી છે.
- મહિલા અને બાળકોના વિકાસ માટે જરૂરી અનેક યોજનાઓ જેવી કે આંગણવાડીઓના માળખાકીય વિકાસ, દૂધસંજીવની યોજના, પોષણસુધા, નારીસંરક્ષણ કેન્દ્ર તેમજ મોનીટરીંગ ઉપકરણો ખરીદવા જેવી બાબતોને આ અંદાજપત્રમાં સ્થાન આપવામાં આવ્યું છે.

**માન. અધ્યક્ષશ્રી**

**મત્સ્યોદ્યોગ:**

- ગુજરાત રાજ્યમાં દરિયાઇ, આંતરદેશીય અને ભાંભરાપાણી નાં ક્ષેત્રમાં મત્સ્યોદ્યોગ વિકાસની વિપુલ પ્રમાણમાં તકો ઉપલબ્ધ છે. આ ક્ષેત્રે રહેલ વધારે વિકાસની સંભાવનાને ચરિતાર્થ કરવા તેમજ ગુજરાત રાજ્યમાં સલામત, આધુનિક અને નફાકારક મત્સ્યોદ્યોગના

વિકાસ માટે વર્ષ ૨૦૨૪–૨૫માં **કુલ રૂ.૧૩૦૨.૨૯ કરોડ**ની અંદાજપત્રીય જોગવાઈ સૂચવવામાં આવેલ છે.

- સાગરખેડૂઓને હાઈસ્પીડ ડિઝલ વેટ રાહત યોજના માટે કુલ **રૂ.૪૬૩.૩૦ કરોડ**ની જોગવાઈ સુચવેલ છે.
- નાબાર્ડ દ્વારા લોન સહાયથી ચાર નવા મત્સ્યબંદરો માઢવાડ, નવાબંદર, વેરાવળ–૨ અને સુત્રાપાડાના વિકાસ માટે **કુલ રૂ.૩૩૮ કરોડ**ની જોગવાઈ સુચવાયેલ છે.
- રાજયના હયાત મત્સ્ય બંદરો, મત્સ્ય ઉતરાણ કેન્દ્રોનું આધુનિકીકરણ, નવા મત્સ્ય કેન્દ્રો વિકસાવવા તથા મત્સ્ય ઉતરાણ કેન્દ્રો ખાતે ફ્લોટીંગ જેટી બનાવવા જેવી આંતરમાળખાકીય સુવિધાઓના કામો માટે **રૂ.૨૦૫.૪૧ કરોડ**ની જોગવાઈ સુચવવામાં આવી છે.
- આંતરદેશીય મત્સ્યોદ્યોગના વિકાસ અને માછીમાર લાભાર્થીઓ પગભર થાય તે હેતુ માટે **રૂ. ૩૦.૫૨ કરોડ**ની જોગવાઈ કરેલ છે.
- દરીયાઈ મત્સ્યોદ્યોગના વિકાસ માટે લાભાર્થીઓને આધુનિક સાધનો, સલામતી અને નફાકારક ઉત્પાદન વધારવા માટે **રૂ. ૫૬.૬૭ કરોડની** જોગવાઈ સુચવાઇ છે.
- મત્સ્યોદ્યોગ ક્ષેત્રે સંકળાયેલ માછીમારો તથા કચેરીના કર્મચારીઓને કામધેનુ યુનિવર્સિટી મારફત તાલીમ કાર્યક્રમો તથા મત્સ્યોદ્યોગની નવી સ્નાતક અને અનુસ્નાતક કોલેજોના સુદ્રઢિકરણ માટે આ **રૂ. ૧૬.૮૦ કરોડ**ની જોગવાઈ કરેલ છે.
- ભારત સરકારશ્રીની કેન્દ્ર પુરસ્કૃત યોજના PMMSY અંતર્ગત લાભાર્થીલક્ષી યોજના દરિયાઈ, આંતર અને ભાંભરાપાણી

મત્સ્યોદ્યોગના વિકાસ માટે કેન્દ્ર ફાળા પેટે **રૂ. ૨૨.૭૧ કરોડ** અને રાજ્ય ફાળા પેટે **રૂ. ૧૫.૩૧ કરોડ** એમ કુલ **રૂ. ૩૭.૮૪ કરોડ**ની જોગવાઈ સુચવવામાં આવી છે.

- મોડેલ મત્સ્ય ઉતરાણ કેન્દ્રો વિકસાવી તેમાં જરુરી સાફ–સફાઈ, સલામતી, લાઈટ, પાણીની સુવિધા અને સમગ્ર વ્યવસ્થાની સારસંભાળ માવજત સુનિશ્ચિત કરવા માટે **રૂ. ૨૦ કરોડ**ની જોગવાઈ ધરાવતી નવી બાબત સુચવવામાં આવી છે.

## સામાજિક ન્યાય અને અધિકારીતા:

**માન.અધ્યક્ષશ્રી,**

- સમાજના જરૂરીયાતમંદ, નબળા અને વંચીત વર્ગને સામાજિક સુરક્ષા પુરી પાડી સામાજિક ન્યાય સુનિશ્ચિત કરવાનુ ધ્યેય અમારી સરકારે રાખ્યું છે. જેને પુર્ણ કરવા વિવિધ સામાજિક સંવર્ગોના સામાજિક ઉત્કર્ષ માટે આ બજેટમાં **રૂા.૬૧૯૩ કરોડ** જેટલી માતબર રકમની જોગવાઇ સુચવવામાં આવી છે.

**માન.અધ્યક્ષશ્રી,**

- ઢળતી ઉંમરે આવકના સ્ત્રોત ઘટવા સાથે વૃધ્ધાવસ્થાનો સહારા પણ ઘટતાં જાય છે. ત્યારે આર્થિક સહાય વડીલો માટે વરદાનરૂપ સાબિત થાય છે. વડીલોના આર્શિવાદ લેવા અમારી સરકારે અંદાજીત રૂા**.૧૧ લાખ લાભાર્થીઓને માસિક પેન્શન આપવા રૂા.૧૩૯૮ કરોડની જોગવાઇ** સુચવી છે.
- તેવીજ રીતે દિવ્યાંગોને પણ આધાર પુરો પાડતાં દિવ્યાંગ પેન્શન માટે **રૂા.૧૭૧ કરોડ**ની જોગવાઇ સુચવવામાં આવી છે.

- લગ્નમાં પિયરપક્ષ મામેરૂ ભરે ત્યારે કન્યાની માતાનું મન ગૌરવ અને સન્માનની લાગણી અનુભવે છે.

**માન.અધ્યક્ષશ્રી**,

- અનુસુચિત જાતિ અને વિકસતી જાતિની અંદાજે **૬૧,૦૦૦ કન્યાઓને તેમના લગ્નમાં મામેરા સહાય હેતુ રૂા.૭૪ કરોડ**ની જોગવાઇ સુચવી અમારી સરકારે માતાઓના આર્શિવાદ લેવાની તક ઝડપી છે.

- તેવી જ રીતે પાલક–માતાપિતાની કન્યાઓને લગ્ન સહાય, આંતરજ્ઞાતિ લગ્ન માટે યુગલોને સહાય, સાતફેરા સમૂહ લગ્ન સહાય, દિવ્યાંગ લગ્ન સહાય જેવી સહાય માટેની જોગવાઈ કરીને સરકારે આપણી સંસ્કૃતિની ધરોહર લગ્ન સંસ્થાને મજબુત અને સામાજિક સામર્થ્ય બક્ષવાનું કામ સરકારે કર્યું છે.

- માન.અધ્યક્ષશ્રી, નબળા વંચિત વર્ગોના શૈક્ષણિક ઉત્કર્ષ માટે શિક્ષણ, શિષ્યવૃત્તિ, ગણવેશ, અભ્યાસ માટે લોન છાત્રાલય જેવી સુવિધાઓ પુરી પાડવા માન.નાણાંમંત્રીશ્રીએ આ બજેટમાં **રૂા.૧૮૧૬ કરોડ** જેટલી માતબર રકમની જોગવાઇ સુચવી છે. જેના પરિણામે સમાજનો આ વર્ગ શિક્ષિત બની ગરીમાપુર્ણ જીવન જીવવા સક્ષમ બનશે.

- શિક્ષણની સાથે આ સમાજના આર્થિક ઉત્થાન માટે રોજગાર ઉત્પન્ન કરવા તેમજ સ્વરોજગારી ઉભી કરવા માટે સહાયક બનવાની ભૂમિકા ભજવતાં સરકારે આ બજેટ વિશેષ વ્યવસ્થાઓ કરી છે.

## **મહેસુલ:**

**માનનીય અધ્યક્ષશ્રી,**

❖ રાજ્યમાં મહેસૂલી સેવાઓને ઓનલાઈન, અદ્યતન તથા પારદર્શક બનાવવા અંગે ઉત્કૃષ્ટ કામગીરી મહેસૂલ વિભાગ દ્વારા કરવામાં આવી રહી છે. ગુજરાત રાજ્યનો ખેડૂત આઈઓરા પોર્ટલ થકી પોતાના નાના મોટા કામ જેવા કે ખેડૂત ખરાઈની અરજી, વારસાઈ નોંધ, હયાતી હક્ક દાખલ વગેરે નોંધો માત્ર એક જ પોર્ટલ પરથી કરી શકે છે. મહેસુલ વિભાગની સેવાઓ રાજયને પુરી પાડવા કુલ **રૂા.૫૧૯૫ કરોડ**ની જોગવાઈ અંદાજપત્રમાં સુચવવામાં આવી છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

- રાજ્યના નાગરિકોને વધુ સારી સુવિધા આપવા જન સેવા કેન્દ્રો / ઈ–ધરા કેન્દ્રો/ દસ્તાવેજ નોંધણી કચેરીઓના માળખાકીય સુવિધાના અપગ્રેડેશન માટે **રૂ.૩૭ કરોડ** ની જોગવાઈ સુચવેલ છે.
- સરકારી જમીન પરના દબાણો અટકાવવાના હેતુથી ફેંસીંગ /સાઈન બોર્ડ કામગીરી માટે **રૂ.૧૩ કરોડ**ની જોગવાઈ સુચવેલ છે.
- કપરાડા, બાવળા અને અંજાર ખાતે નવી મામલતદાર કચેરીઓના નિર્માણ સહિત અન્ય કલેક્ટર/પ્રાંત કચેરીઓ/ક્વાટર્સ અને સબ રજીસ્ટ્રાર કચેરીઓના બાંધકામ/વિસ્તરણ/રીનોવેશન માટે **રૂ.૨૩૮ કરોડ**ની જોગવાઈ સુચવેલ છે.

- મહેસૂલી કામગીરીનો વ્યાપ વધતા, નાગરિકોને ગુણવત્તાયુક્ત અને ઝડપી સેવાઓ પૂરી પાડવા મહેસૂલ વિભાગ હેઠળ નાયબ કલેક્ટર/મામલતદાર/નાયબ મામલતદાર / સબ રજીસ્ટ્રાર અને અન્ય વિવિધ સંવર્ગોની **કુલ ૪૦૯ નવી જગ્યાઓ ઉભી કરવા રૂ.૧૮ કરોડની જોગવાઈ** સુચવેલ છે.

- રાજ્યની સબ–રજીસ્ટ્રાર કચેરીઓમાં CCTV કેમેરા કનેક્ટીવીટી માટે **રૂ.૭ કરોડ**ની જોગવાઈ સહિત આઇ.ટી સંબંધિત પ્રોજેક્ટસની **રૂ.૨૧ કરોડ**ની જોગવાઈ સુચવેલ છે.

- ૦૭ સબ રજીસ્ટ્રાર કચેરીના નવીન બાંધકામ માટે **રૂ.૧૧.૫૫ કરોડ**ની જોગવાઈ સુચવેલ છે.

**માન.અધ્યક્ષશ્રી,**

**બંદરો :**

- ગુજરાત રાજ્ય વિશાળ દરિયા કાંઠો ધરાવે છે. ગુજરાતનું દરિયાઇ વેપારક્ષેત્ર હંમેશ અગ્રેસર રહ્યું છે તેમજ કેમિકલ, પોર્ટસ, કન્ટેનર પોર્ટસ અને શીપ રિસાયકલીંગ યાર્ડસ જેવી પ્રવૃત્તિઓને કારણે ગુજરાતના બંદરો સતત ઉદ્યોગરત રહ્યા છે.

- રાજ્યના બંદરોને આંતર માળખાકીય સુવિધાઓથી સુસજ્જ કરવા સરકારે આ બજેટમાં પુરતી જોગવાઈ સુચવી છે.

**માન.અધ્યક્ષશ્રી,**

- આમ, નાણાંકીય વર્ષ ૨૦૨૪–૨૫ માટે માન.મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળ માન.નાણાંમંત્રીશ્રી કનુભાઇ દેસાઇ દ્વારા સર્વાંગી સંપૂર્ણ અંદાજપત્ર રજુ કરવામાં આવ્યું છે.

**માન.અધ્યક્ષશ્રી,**

- સામાજિક સુરક્ષા, માનવ સંશાધન વિકાસ, આંતરમાળખાકીય સુવિધાઓ, આર્થિક પ્રવૃતિઓના વિકાસ અને ગ્રીન ગ્રોથ જેવા વિકાસ માટે અતિ મહત્વપુર્ણ પાંચ સ્તંભોના આધાર પર વિકાસની બુલંદ ઇમારતનું નિર્માણ કરતું અંદાજપત્ર માન.નાણાંમંત્રીશ્રીએ રજુ કર્યું છે. આ અંદાજપત્ર વિકસીત ભારતના ધ્યેયને સિધ્ધ કરવા માટે ગુજરાતની કટીબધ્ધતાને રજુ કરતું અંદાજપત્ર છે. જે ગુજરાતની વિકાસની ગતિશીલતાને વધુ વેગ આપશે.
- અંદાજપત્રમાં વિકાસની સાથે સમાજના દરેક વર્ગને ન્યાય આપીને સામાજિક ઉન્નતીને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. તેથી આ અંદાજપત્ર સર્વસમાવેશી વિકાસને વરેલુ બજેટ છે.

***************